જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૨/૪૮૦/૧૫/૨૬

તા. ૧૪-૦૭-૨૦૧૫

: : પરિપત્ર : :

વિષય :– નિગમની પૂર્ણ વિકસિત વસાહતમાં હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ / શેડની ફાળવણીની નીતિ રદ કરવા બાબત.

સંદર્ભ :– તા.૨૮–૮–૨૦૧૨ ના પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૨/૩૦

નિગમની તા.૨૮–૮–૨૦૧૨ ના રોજ પરિપત્રિત કરવામાં આવેલ નીતિ અંતર્ગત નિગમના ફાળવણીદારો દ્વારા તેઓને ફાળવવામાં આવેલ ઔદ્યોગિક મિલ્કતનો પુરેપુરો વપરાશ કર્યા પછી જેઓ પોતાના એકમનું વિસ્તરણ કરવા માંગતા હોય અને નિગમ પાસે નિયમોનુસારની નીતિ મુજબ ફાળવણી શકય હોય તેવી મિલ્કત ઉપલબ્ધ હોય તો ગુણદોષના આધારે આવી મિલ્કત લગતના ધોરણે ફાળવી આપવાની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

ઉપરોકત નીતિવિષયક પરિપત્રમાં નીચે મુજબનો આંશિક સુધારો કરવામાં આવે છે ;

૧. પૂર્ણ વિકસિત વસાહતોમાં લગત ઔદ્યોગિક પ્લોટ / શેડ ફાળવણીની નીતિ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે છે. હાલમાં પૂર્ણ વિકસિત વસાહતમાં લગતના ધોરણે મિલ્કત ફાળવણીની દરખાસ્તો જે સ્તરે નિર્ણય માટે પડતર હોય તેને દફતરે કરવાની રહેશે.

૨. નિગમની અલ્પ વિકસિત વસાહતોમાં હાલની નીતિ પ્રમાણે ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ મિલ્કત લગતના ધોરણે ફાળવવાની જોગવાઈ હતી, જે આ પરિપત્રથી રદ કરવામાં આવે છે. હવે, ઉપરાંત ફકત હયાત ઔદ્યોગિક મિલ્કતને અડીને હોય એટલે કે, કોમન વોલ ધરાવતી હોય તેવી જ મિલ્કત ગુણદોષના આધારે લગતના ધોરણે ફાળવવાની રહેશે.

નિગમની અલ્પ વિકસિત વસાહતોમાં અડોઅડ એટલે કે, કોમન વોલ ધરાવતી મિલ્કતોની લગતના ધોરણે ફાળવણી સિવાયની તમામ અરજીઓ નિગમમાં જે કોઈ સ્તરે નિર્ણય માટે પડતર હોય તેને દફતરે કરવાની રહેશે.

સહી/–
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ ... તરફ જાણ સારું.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ... તરફ જાણ સારું.

રવાના કર્યું :

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)